वर्ष : १५ सने : २०२० सं.२०७६
अंक : १०, સળંગ અંક-૯૫ फागण -फेब्रुआरी

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૫ સને ૨૦૨૦ સં.૨૦૭૬

અંક : ૧૦ ફાગણ/ફેબ્રુઆરી સળંગ અંક-૯૫

**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ ચારિત્રરત્ન પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**



**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**

૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,

જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,

પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

ફોન : (R) 26650626

(M) 9824252978



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ વિનયના પાયા ઉપર ઇમારત, શૂન્યથી સિદ્ધિ - ૨

★ લોભ -૧

★ હિતોપદેશ

★ અનુમોદનાનો અમૃતથાળ


## આર્ષવાણી

**जो नियमसीलतवसंजमेहिं,**

**जुत्तो करेइ अप्पहिअं ।**

**सो देवयं व पुज्जो,**

**सीसे सिद्धत्थओ व्व जणे।।४५५।।**

વ્રત-નિયમ-શીલ-તપ-સંયમથી યુક્ત બની જે પુણ્યશાળી જીવ આત્મહિત સાધે છે, તે દેવની જેમ પૂજ્ય બને છે અને માંગલિક ગણાતા સરસવની જેમ લોકના મસ્તકે ચઢે છે. (તેની આજ્ઞા શિરોધાર્ય બને છે.)

- ઉપદેશમાળા

શારીરિક - માનસિક હજારો દુઃખોની પીડાથી ભય પામેલા મુનિ ભગવંતો જ્ઞાનરૂપી અંકુશથી રાગરૂપી ઉન્મત્ત હાથીનો નિગ્રહ કરે છે, વશમાં રાખે છે.



# ★ વિનયના પાયા ઉપર ઇમારત, શૂન્યથી સિદ્ધિ-૨ ★★★

- શ્રીધર્મમિત્ર

અનંત કલ્યાણના કારણરૂપ, અનંત શક્તિના સંચયરૂપ, કરુણાના પરિપાકરૂપ, પરમપવિત્રતાના પુંજરૂપ જિનશાસનમાં અનેક-અનંત ગુણોની વાત છે. એમાં અલગ-અલગ દૃષ્ટિકોણથી અલગ-અલગ ગુણોને મહત્ત્વ અપાયું છે. એવા જ એક દૃષ્ટિકોણથી વિચારીએ તો 'વિનય' ગુણને પાયાના ગુણ તરીકે વર્ણવ્યો છે. વિનયમાંથી ઘણા ગુણોનો જન્મ થાય છે. તેથી અપેક્ષાએ તેને અનેક ગુણોની 'માતા' કહેવામાંય દોષ નથી. વિનયને ઈમારતનો પાયો પણ કહી શકાય. કારણ, એના ઉપર તમામ ગુણોની ઈમારત ચણી શકાય છે. પાયો મજબૂત તો ઈમારત પણ મજબૂત. પાયો કાચો હોય તો ઈમારત લાંબી ટકી ન શકે. ગમે ત્યારે તે જમીન દોસ્ત થઈ જાય ! આવી ઈમારતમાં રહેવામાંય જોખમ ગણાય છે. કારણ, મકાનના કાટમાલમાં જ દબાઈને મોતને ભેટવાનું થઈ શકે છે. સુરક્ષા માટે ગણાતું મકાન જ મૃત્યુના મુખમાં ધકેલનારું પુરવાર થાય ! માટે પાયાનો ગુણ તો મજબૂત જ હોવો જોઈએ. એના ઉપર જ અન્ય ગુણોની ઈમારત ઊભી થઈ શકે.

વિનયવગરનું જીવન એટલે શૂન્ય. વિનયને એકડાની જગ્યાએ ગણી શકાય. બાકીના ગુણો હોય પરંતુ વિનય ન હોય તો તમામ ગુણોની કિંમત શૂન્ય જ ગણાય. માત્ર વિનય ગુણ આવવાથી એ શૂન્યની કિંમત વધી જાય છે. જેમ એકડા પછી એક શૂન્ય હોય તો દશ થાય. બે શૂન્ય હોય તો બસો થાય. ત્રણ શૂન્ય હોય તો એક હજાર થાય... વિનય ગુણ આવ્યા પછી તમામ ગુણોની ગુણ તરીકે ગણના શરૂ થાય છે. એ ગુણ સાથે આગળ વધતો જીવ સિદ્ધિની ટોચે પહોંચી શકે છે. સિદ્ધિ ને અનંત કહીએ તો વિનયને એક કહેવો પડે. એકડા વગર અનંત સુધી પહોંચી ન શકાય. શૂન્ય તો અસ્તિત્વના નિષેધનો વાચક છે. શૂન્ય એ સર્જન નથી. એક એ સર્જન છે.

હવે જોઈએ વિનયના એકડા પછી આવનારા ગુણો... મળનારી સિદ્ધિ . સંક્ષેપમાં જોઈએ તો ક્રમ કાંઈક આવો છે. વિનયથી જ્ઞાન, જ્ઞાનથી દર્શન, દર્શનથી ચારિત્ર, ચારિત્રથી મુક્તિ, મુક્તિમાં છે અવ્યાબાધ સુખ.

વિસ્તારથી વિચાર આ પ્રમાણે કરવામાં આવ્યો છે.

વિનયનું ફળ છે, સુશ્રૂષા. મતલબ, સાંભળવાની - શ્રવણ કરવાની ઈચ્છા.

વિનય ન કરી શકે તે સાંભળવા માટે પાત્ર નથી. પાત્રતા વિના તેને જ્ઞાન આપવામાં આવે તો ફળવાની જગ્યાએ ફૂટી નીકળે. લાભને બદલે હાનિ થાય. જો શ્રવણ કરવાની ઈચ્છા વિનય વિના ન જાગે... તો જ્ઞાન ક્યાંથી મળે ? લોકમાં પણ કહેવત છે, જે સ્કૂલોમાં પણ લખાતું, નિશાળમાં ઘણી જગ્યાએ વાંચવા મળતું: 'વિદ્યા વિનયેન શોભતે' અર્થાત્ વિદ્યા (જ્ઞાન) વિનયથી શોભે છે. કપડાં પહેરેલી વ્યક્તિ દાગીના પહેરે તો તે શોભે. નગ્ન વ્યક્તિ દાગીના ગમે તેટલા સારા કે કિંમતી પહેરે તો પણ ન જ શોભે. અલબત્ત, નિંદાને પાત્ર બને. લોકોની ટીકાનો ભોગ બને.

વિનયના પાયા ઉપર તો સિદ્ધિ સુધીની ઈમારત ખડી કરી શકાય છે. વિનય એ તમામ ગુણોની ઈમારતનો દૃઢ - મજબૂત પાયો છે. એ પાયો મજબૂત હોય તો ક્યારેક ગુરુ - વડીલાદિ તરફથી મળતા ઠપકા વગેરે સ્વરૂપ ધરતીકંપના આંચકા આવે તોય તે ઈમારતને તિરાડ (ક્રેક) પણ નથી પડતી. વિનયનો પાયો ન હોય તો તે બિલ્ડીંગ ગમે ત્યારે અપમાન જનક નાના વાવાઝોડાથી કે ઠપકા વગેરે સ્વરૂપ નાના ભૂકંપથી પણ કાચી સેકંડોમાં નષ્ટ થઈ જાય છે. માટે જ અહીં ગુરુસુશ્રૂષા રૂપ ફળને જન્મ આપનાર વૃક્ષને 'વિનય' નામ આપ્યું છે. બીજી તરફ શ્રુતજ્ઞાનને ફળ ગણીએ તો તેના ઉત્પત્તિસ્થાનસ્વરૂપ વૃક્ષ છેઃ ગુરુસુશ્રૂષા. અહીં ઉત્તરોત્તર કાર્ય - કારણ ભાવ સમાયેલો છે.

કાર્ય - કારણભાવની ભાષામાં વાત કરીએ તો વિનય કારણ છે. સુશ્રૂષા એ કાર્ય છે. ગુરુશ્રૂષાને કારણ ગણીએ તો શ્રુતજ્ઞાન એ કાર્ય છે. હવે આગળના પગથિયાંની વાત કરતાં શાસ્ત્રકાર જણાવે છે કે - 'જ્ઞાનસ્ય ફલં વિરતિઃ' અર્થાત્ જ્ઞાનનું ફળ વિરતિ છે. જ્ઞાન એ કારણ છે, વિરતિ એ કાર્ય છે. વિરતિનો અર્થ છેઃ પચ્ચક્ખાણ પૂર્વક પાપનો ત્યાગ. માત્ર પાપ ન કરવાથી વિરતિ ન ગણાય. જેમ કે - રાત્રે ન ખાધું પણ પચ્ચક્ખાણ ન કર્યું તો રાત્રિભોજનના પાપથી વિરતિ ન ગણાય. એ પાપથી પાછા ફર્યા કે બચી ગયા, તેમ ન કહેવાય. ભગવાને બતાવેલાં વ્રત-નિયમ-પચ્ચક્ખાણ વગર વિરતિનો લાભ ન મળે. પચ્ચક્ખાણ વિના પાપને આવવાના માર્ગો બંધ થતા નથી. પાપની આવક ચાલું જ રહે છે.

વિધિપૂર્વક - ક્રિયા - પચ્ચક્ખાણ વગર માત્ર વેષ પરિધાન કરવાથી દીક્ષા ગણાય ? તેને સાધુ કહેવાય ?સંસારમાં લગ્નાદિનાં વિધાન થાય છે, તેમાં પ્રતિજ્ઞાનો સ્વીકાર કરાય છે. વ્યવહારમાંય સહી-સિક્કા વગર (પંચની સાક્ષી કે પેપરવર્ક



કર્યા વિના) કાર્યો થતાં નથી. જમીન - મકાનના દસ્તાવેજ પણ આ વાતનું સમર્થન કરે છે. જ્ઞાન આવે પરંતુ જો વિરતિના ભાવ ન જાગે તો એ જ્ઞાનનું વૃક્ષ વાંઝિયું ગણાય. કારણ, તે વૃક્ષને ફળ નથી આવતું. ફળ વગરના વૃક્ષની કિંમત શું ગણાય?

ઉપદેશ સપ્તતિમાં જણાવ્યું છે કે 'શ્રી જિનેશ્વર ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને કરેલો ગમે તેટલો તીવ્ર - ઘોર તપ પણ અપ્રમાણભૂત ગણાય છે, પ્રમાણભૂત ગણાતો નથી. તે જ રીતે ભણેલું જ્ઞાન કે દીધેલું દાન... વગેરે તમામ નિરર્થક થાય છે. અર્થાત્ તે નિષ્ફળ જાય છે.' તેનું ફળ મળતું નથી. સાથે સાથે એ જ ગ્રંથમાં એમ પણ જણાવ્યું છે કે 'જે જિનેશ્વરભગવાનની આજ્ઞાના પાલનમાં તત્પર છે, જે પાપમતિ વગરના છે, તેની તો તપ રહિત પણ કર્મના ક્ષયથી સિદ્ધિ - મુક્તિ થાય છે.'

વિનયની ફળ પરંપરામાં આગળ વધતાં જણાવે છે કે - 'વિરતિફલં ચાશ્રવ - નિરોધઃ' વિરતિનું ફળ છે- આશ્રવનો નિરોધ. એટલે કે પાપોને રોકવા સ્વરૂપ સંવર. નવતત્ત્વમાં બતાવેલા ૪૨ પ્રકારના આશ્રવ (પાપને આવવાના દરવાજા) ને બંધ કરવામાં ન આવે તો એ વિરતિનું મૂલ્ય શું ? પાપને આવવાના માર્ગો ૪૨ છે. તો સામે તેને અટકાવવાના - તાળાં મારવાના પ્રકાર ૫૭ છે. નવતત્ત્વનું જ્ઞાન હોય તો આ વિષયમાં ખૂબ સારો રસ પડે. રસ પડ્યા પછી પ્રવૃત્તિ થાય તો અદ્ભુત આનંદ લૂંટવા મળે. દુનિયાનાં ગમે તે - ગમે તેટલાં ભોજન લે... જ્ઞાનરૂપી અમૃતની તોલે કોઈ જ ભોજન ન આવી શકે ! એક વાર અમૃતનો રસાસ્વાદ આવ્યા પછી બીજો કોઈ સ્વાદ તૃપ્તિ કર કે રુચિકર બનતો નથી. સાકર વગેરે દુનિયાના તમામ પદાર્થો કરતાં અમૃતની મીઠાશ સર્વશ્રેષ્ઠ ગણાય છે. અમૃતનું સ્થાન ખોરાક અને પાણીઃ બંનેમાં ગણાય છે, આ એની આગવી વિશિષ્ટતા છે, માટે જ જ્ઞાનામૃતં ભોજનં પણ ગણાય છે. તે જ રીતે અમીપાન શબ્દ પણ વપરાય છે. આનો અર્થ એ થયો કે - અમૃતથી ભૂખ અને તરસ : બંને મીટે છે ! બંને પ્રકારની તૃપ્તિ અનુભવાય છે.

આગળ જતાં શાસ્ત્રકાર લખે છેઃ 'સંવરફલં તપોબલં.'અર્થાત્ સંવરનું ફળ છે : તપ. અહીં તપની સાથે બળ શબ્દ જોડ્યો છે. તપમાં વિશિષ્ટબળ છે. તત્ત્વાર્થસૂત્રમાં ભગવાન ઉમાસ્વામિજી મ. જણાવે છે : 'તપસા નિર્જરા ચ.' તપથી સંવર અને નિર્જરા થાય છે. કર્મ ખપાવવા માટેનું (નિર્જરાનું) ધારદાર શસ્ત્ર હોય તો તપ છે. અહીં વપરાયેલો તપ શબ્દ માત્ર આયંબિલ - ઉપવાસ - અઠ્ઠમ વગેરે

રૂપ માત્ર અનશન તપના અર્થમાં નથી, પરંતુ તપાચારમાં જણાવેલા બારે બાર પ્રકારના તપના અર્થમાં છે. અનશન કરતાં ઊણોદરી વગેરેમાં ઉત્તરોત્તર વધુ ને વધુ તાકાત છે, કર્મનો ક્ષય કરવાની.

ભગવતીસૂત્રમાં જણાવ્યું છે કે - સંયમના રાગી મુનિવર ઉત્કૃષ્ટ શાતા વેદનીયકર્મ ઉપાર્જી ઉપશમ શ્રેણિપરથી નીચે પડ્યા. જો તેમની પાસે છઠ્ઠનો તપ વધુ હોત તો અથવા સાત લવનું આયુષ્ય વધારે હોત તો તે મુનિવર, તે જ ભવમાં મોક્ષે પહોંચી ગયા હોત.... તે ન હોવાથી અનુત્તર વિમાનમાં પહોંચ્યા. આમાં એક તરફ છઠ્ઠના તપની (અનશનતપની) વાત છે, બીજી બાજુ સાત લવના આયુષ્યની વાત છે. આનો મેળ કેવી રીતે થાય ? ખુલાસો એ છે કે - છઠ્ઠનો તપ એ પ્રથમ પ્રકારનો અનશન તપ છે. સાત લવમાં તો શુક્લધ્યાન છે. કહેવાનો ગર્ભિત આશય એ છે કે જે નિર્જરા છઠ્ઠના તપથી થાય તેટલી નિર્જરા માત્ર સાડા ચાર મિનીટના શુક્લધ્યાનથી થઈ જાય છે. અરે ! શુક્લધ્યાન માટે તો એવી વાત જણાવી છે કે.. તે સમયે જો તમામ જીવોનાં કર્મોને એ ધ્યાનાગ્નિમાં નાખવામાં આવે તોય બાળીને રાખ બનાવી દે !!

ભાવ એ છે કે - સંવરનું - ફળ તપોબલ એટલે કે જેનાથી અપૂર્વ નિર્જરા થાય તેવો બારે પ્રકારનો અથવા કાર્યોત્સર્ગ - ધ્યાન જેવો વિશિષ્ટ તપ લેવો. જેનાથી નિર્જરા ન થાય તે વાસ્તવિક તપ જ નથી. તપ કરવા પાછળ માત્ર કર્મ નિર્જરાનો જ ભાવ હોવો જોઈએ. જો પૌદ્ગલિક કે દેવતાઈ ભોગ - સુખ માટે તપ કરે તો તેનાથી સંસારવૃદ્ધિ થાય છે, તેમ પૂ.આ.ભ.શ્રી રત્નશેખસૂરિજીમ. 'સિરિસિરિવાલકહા' ગ્રંથમાં જણાવે છે. અજ્ઞાનતપ કે બાળતપનું ફળ સાવ અલ્પ અથવા તુચ્છ મળે છે, એમ ઉપદેશમાળામાં શ્રીધર્મદાસ ગણી મહારાજ જણાવે છે. એમાં તામલી તપાસનું દૃષ્ટાંત આપે છે. ૬૦,૦૦૦ વર્ષનો છઠ્ઠને પારણે છઠ્ઠનો તપ કર્યો. જેનાથી સાત જીવોનો મોક્ષ થઈ જાય... પરંતુ અજ્ઞાનતાયુક્ત હોવાથી ફળમાં માત્ર ઈશાનેન્દ્રપણું જ પ્રાપ્ત કર્યું.

તામલી તાપસ દેવ થયો, એમાં એનો તપ કારણ ભૂત નહોતો, તેના અલ્પ કષાયો અને સ્થલ - જલ - ગગનચારી જીવોને પોતાની ભિક્ષાનો ત્રીજો ભાગ આપવાની અનુકંપા હતી. (બાકી તપનું ફળ તો મોક્ષ અથવા સુદેવત્વાદિ જ હોય) ઉપદેશમાળા ગાથા - ૮૧. સંસારહાનિ માટે બતાવેલો તપ સંસારવૃદ્ધિ માટે થાય તો વિરુદ્ધ ફળ પ્રાપ્ત થયું ગણાય.



શ્રમણ ભગવાન શ્રીમહાવીરદેવે સંયમના ઉત્કૃષ્ટ પાલન સાથે બારવર્ષ, છમહિના ને પંદર દિવસમાં કેવો ઘોર-વીર-ઉગ્રતપ કર્યો ? ફળ પણ કેવું વિશિષ્ટ મેળવ્યું ? ઘાતિ -કર્મોના ચૂરા કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. વિષય - કષાય સહિત જો તપ થાય તો કલ્યાણનું કારણ ન બનતાં ભવભ્રમણનું કારણ બને. વિષયોની પ્રાપ્તિના ભાવથી અભવ્યજીવો તપ-ચારિત્ર પાળે - આરાધે છે. અગ્નિશર્મા જેવા જીવો કષાયના ભાવ સાથે માસક્ષમણ ને પારણે માસક્ષમણ કરે છે. પરિણામે સંસારવૃદ્ધિ જ થઈ, આત્મશુદ્ધિ ન થઈ.

તપને અગ્નિની ઉપમા આપી છે. તે કર્મરૂપી ઈંધનને બાળી નાખે છે. 'તપનાત્ તપઃ' કહીને એમ જણાવ્યું કે, જે શરીરની સાત ધાતુ અને કર્મોને તપાવે તે તપ છે. તપ કરવાથી કર્મ બળવાં જોઈએ, વધવાં ન જોઈએ. આ તપ સમતા ભાવવાળો હોવો જોઈએ. માટે જ તો પૂજાની ઢાળમાં જણાવ્યું કે 'તપ કરીએ સમતા રાખી ઘટમાં...' 'તે તપ કર્મ નિકાચિત તપવે ક્ષમાસહિત મુનિરાયા... તપસ્યા કરતાં કરતાં હો કે ડંકા જોર બજાયા હો...' તપનું ધ્યેય, તપનો ઉદ્દેશ માત્ર નિર્જરાનો જ હોવો જોઈએ...

(ક્રમશઃ) ધ

## ★ લોભ - ૨ ★★★

**-પૂ.આ.ભ.શ્રીમદ્વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

આ લોભે પોતાનો પંજો ત્રણે લોક પર ફેલાવ્યો છે. મતલબ, ત્રણે લોકને આ લોભે પકડ્યો - જકડ્યો છે. પાતાળ - મર્ત્ય - સ્વર્ગલોક સ્વરૂપ ત્રણ લોકમાં લોભનાં દર્શન થાય છે. લોભનું સામ્રાજ્ય ક્યાં નથી ? સંતોષી જીવોની બાદબાકી કરીએ તો તમામજીવો આ લોભના દાસ છે. પૈસા - સંપત્તિથી લઈ, પાંચે ઈન્દ્રિયના વિષયો સુધીની દુન્યવી - ભૌતિક સામગ્રીની લોભરૂપી ગુલામી નજરે ચઢે છે. લોભના ગુલામ જીવો, લોભની આજ્ઞાને આધીન હોય છે. લોભ જેમ કહે તેમ ચાલે છે. લોભનું કહ્યું કરે છે. ત્યાં પુણ્ય-પાપનો હિસાબ જીવ સમજી શકતો નથી. અસત્ય, અનીતિ, અન્યાય વગેરે જે માર્ગે લોભ દોડાવે તે માર્ગે જીવ દોડે છે. જીવ સ્વતંત્ર રીતે પ્રવૃત્તિ કરી શકતો નથી.

લોભગ્રસ્ત જીવ મોટે ભાગે ધર્મથી દૂર જ રહેતો હોય છે. લોભ એવું સમજાવે છે કે -ધર્મ કરવાનાં સમય અને શક્તિનો ઉપયોગ કરીશ તો તને સંપત્તિ વગેરે

નહીં મળે ધર્મ અને ભગવાન ઉપરની શ્રદ્ધાનેય આ લોભ હચમચાવી દે છે. લોભને કોઈ સીમા નથી હોતી. માટે જ તો કહેવત ઊભી થઈ કે - 'લોભને થોભ નથી' . **સંતોષ નામના ગુણ સિવાય આ લોભ નામના દોષને અટકાવનાર, એના ઉપર વિજય મેળવી આપનાર કોઈ નથી.** મોહરાજાએ જીવને એવો ઊંધો પાઠ ભણાવ્યો છે કે - **લોભ વિનાશક હોવા છતાં તેને વિકાસક તરીકે જ દેખાય છે.**

લોભે જ્યારે પોતાનું નેતૃત્વ પ્રસ્થાપિત કર્યું ત્યારે સુભૂમ ચક્રવર્તી પણ મોટી ભૂલ કરી બેઠો. લોભના કારણે તે જંબૂદ્વીપના ભરતક્ષેત્રના છ ખંડનો અધિપતિ થયા બાદ ધાતકી ખંડના ભરતક્ષેત્રના છ ખંડ જીતવા નીકળ્યો. એને ભાન-જ્ઞાન ન રહ્યું કે ચક્રવર્તી હંમેશા છ ખંડનો જ માલિક બની શકે.. બાર ખંડનો માલિક ન જ બની શકે. ભૂતકાળમાં અનંતા ચક્રવર્તીઓ થઈ ગયા. બધાને જ્યાં ત્યાંના છ ખંડ જ મળ્યા હતા. આ ભાન ભૂલાવનાર લોભ જ હતો. પરિણામે એ ચક્રી ૩૩ સાગરોપમ માટે સાતમી નરકનો સભ્ય બન્યો !

**ભોગવવા કરતાંય અનેક ગણું ભેગું કરાવનાર આ લોભ દૈત્ય જ છે. લોભ એ મોહરાજાનો મંત્રી ભલે હશે પણ આત્માનો તો દુશ્મન છે.** દુશ્મન પાસેથી સુખની આશા રાખનારો બુદ્ધિશાળી ગણાય ખરો ?ક્યાંય - ક્યારેય પણ દુશ્મને કોઈને સુખ આપ્યું છે ? સુખ આપે તો દુશ્મન ગણાય કેવી રીતે ? લોભ તો એવો દુશ્મન છે કે - ડોળ એવો કરે કે હું તો તમારો સેવક જ છું. મોહના સેવકો ક્યારેય દુશ્મન તરીકે પોતાની જાત બતાવે નહીં. માટે જ તો ભલભલા બુદ્ધિશાળી જીવોય તેમાં અંજાઈ જાય છે. **મોહરાજાનું કામ આંખો પર પાટા બાંધવાનું નથી, બુદ્ધિ પર પાટા બાંધવાનું છે.** બુદ્ધિ પર એવું કામણ કરે છે કે જાણે સંમોહન (હિપ્નોટાઈઝ). હિપ્નોટિઝમમાં કરવાવાળો જે કહે તે કરે, તેમ આ મોહરાજા અને તેના સેવકો - મિત્રો વગેરે સંમોહન કરીને જીવોને પોતાના કહ્યાગરા બનાવી દે છે. ત્યાં જીવોની પોતાની વિચારણા કે બુદ્ધિ કુંઠિત થઈ જાય છે. મોહની લીલા જ ન કળી શકાય તેવી અકળ છે. **મોહના ઈશારે જીવો અનેક પ્રકારનાં નૃત્ય કરે છે, એમ ભગવાન ઉમાસ્વામિજી મ.જણાવે છે.** બત્રીશ પુતળીના ખેલ સાથે એને સરખાવી શકાય.

શાસ્ત્રકાર ભગવંતો જણાવે છે કે - લોભના પ્રભાવે જીવો દુર્ગમ અટવી (જંગલમાં) ય ભટકે છે. વિકટ ગણાતા દેશોમાંય ભમે છે. દેશ-દેશાંતરમાં પરિભ્રમણ કરે છે. ગહન સમુદ્રમાં, જ્યાં કેટલાંય દુઃખોનો સામનો કરવો પડે છે, મોતને સાથે



લઈને રહેવું પડે છે... ત્યાં અવગાહન કરે છે. જ્યાં પરસેવાના રેલા ઊતરે, શરીરને ઘણું ઘણું કષ્ટ પડે, ભૂખ-તરસ, ઠંડી - ગરમી વગેરે સહન કરવું પડે, માન-અપમાન ખમવાં પડે, એવી ખેતી-એવા પરિશ્રમ કરવાય તૈયાર થઈ જાય છે, કૃપણ - કંજુસ પતિની સેવા કરવા માટે તૈયાર થાય છે.. આ ધનમાં અંધ થયેલા (લોભ ગ્રસ્ત બુદ્ધિવાળા) જીવોનું જ કાર્ય છે.

એક જગ્યાએ શાસ્ત્રકાર લખે છે - **હે આત્મન્ ! જો તું સુખ માટે લોભનો આશ્રય કરતો હોય તો જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ત્રણ રત્નોનો લોભ કર.** બાકી, હે બુદ્ધિશાળી ! બાહ્ય કે અભ્યંતર પરિગ્રહમાટે જ જો લોભના ચરણ પકડ્યાં તો આ લોક અને પરલોક બંને લોકમાં (આ જન્મ અને જન્માંતરમાં) દુઃખી જ થવાનો.

યોગશાસ્ત્રમાં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા લોભની ગુલામી કરનાર જીવોનાં દૃષ્ટાંત બતાવતાં ફરમાવે છે કે - સગર ચક્રવર્તી ૬૦,૦૦૦ પુત્રોથી તૃપ્તિ નહોતો પામ્યો. ગાયોનાં ઘણાં ધણ પ્રાપ્ત થવા છતાં કુચિકર્ણને સંતોષ નહોતો થયો. તિલક શેઠ ધાન્યના અઢળક કોઠાર (ઢગલાઓ) મળવા છતાં અતૃપ્તિથી આગથી દાઝતો હતો. નંદરાજાને તો જેનાથી ઘણા ઘણા પદાર્થો કરીદી શકાય, ભૌતિક સુખનું જે વિશિષ્ટ સાધન ગણાય, જેનાથી ધનવાન - શ્રીમંત - શેઠ - અમીર વગેરે વિશેષણો મળે તેવા સુવર્ણના ઢગલે - ઢગલા મળવા છતાં વધારે ને વધારે સુવર્ણ મેળવવા લાલાયિત રહ્યો ! જીવને ભોગવવા જોઈએ કેટલું ? પરંતુ ભેગું કરવાના (પરિગ્રહણના) ભાવ કેટલા ? ભોગવી ન શકે એવી ચીજોય ભેગી કરવા જીવ લાગી જાય છે. માત્ર જોઈ - જોઈને રાજી થવાનું. ચીંકણાં લોભ મોહનીય વગેરે કર્મો બાંધવાના ને એ પરિગ્રહ સંજ્ઞાની પુષ્ટિ કરી નરકાદિ દુર્ગતિમાં જ સંખ્ય - અસંખ્ય ભવો સુધી પરિભ્રમણ કરવાનું !

પરમાર્હત્ કુમારપાળરાજાના જીવનની ઘટના તો સૌને ધ્યાનમાં હશે ? જીવ બચાવવા કુમારપાળ જંગલમાં ભટકી રહ્યો હતો. ગુપ્તવેષે રહેતો હતો... કારણ, સિદ્ધરાજ જયસિંહને કોઈપણ ભોગે પોતાની રાજગાદીએ કુમારપાળને બેસવા દેવો નહોતો. તેને મારી નાખવા માટે માણસોને દોડાવ્યા છે. કુમારપાળના બળવાન આયુષ્યના યોગે એ ઘણી વાર બાલ-બાલ બચી ગયો ! એ વિકટમાર્ગમાં એકવાર, એક ઊંદરને જોયો, એ ઊંદર પોતાના દરમાંથી સોનામહોર કાઢીને જમીન પર લાઈનસર ગોઠવતો. ગોઠવ્યા પછી રાજી થઈ નાચતો...! પોતાને આ સુવર્ણ

ખાવી-પીવા, પહેરવા - ઓઢવા, રહેવા વગેરેમાં કાંઈ જ કામ લાગવાનું નહતું, છતાં જીવને પરિગ્રહનો રાગ કેવો પીડાદાયક બને છે ? આ દૃશ્ય જોઈ કુતૂહલથી કુમારપાળે એક સોનામહોર લઈ લીધી... હવે ઊંદરને એની ખબર પડે છે કે નહીં?ઊંદર શું કરે છે ? એ જાણવાની જિજ્ઞાસા હતી. ઊંદર ગણિત ભલે ભણેલો નહોતો પરંતુ મારી સોનામહોરમાંથી એક ઓછી થઈ છે, એ વાતનો ખ્યાલ આવતાં જ એ ઊંદર માથું પછાડીને મૃત્યુંને હવાલે થયો. ગયેલી એક સોનામહોર સામે બચેલી ૧૯ સોનામહોર પણ ગુમાવી...!

**લોભ અને પરિગ્રહ મોહરાજાના ભલે મિત્ર હશે પરંતુ આત્માના તો દુશ્મન જ છે.** લોભ અને પરિગ્રહના પ્રભાવે ઘણા જીવો દુર્ગતિનાં હજારો-લાખો જન્મ-મરણ કરે છે. અલબત્ત, ઊંદરના મૃત્યુથી કુમારપાળને ભયંકર આઘાત તો લાગ્યો જ હતો. પોતાના કુતૂહલ પ્રત્યે પશ્ચાત્તાપ તો થયો જ હતો.

લોભને આગળ વધતો અટકાવવા માટે દરેક જીવોએ બિન-જરૂરી ચીજો - પદાર્થોના ત્યાગ સાથે જરૂરી પદાર્થોનું પરિમાણ કરી લેવું જોઈએ. પરિગ્રહને ઘટાડવાનો પ્રયત્ન કરવો જોઈએ. શાસ્ત્રકાર ભગવંત માટે જ તો ફરમાવે છે કે - સંસારનું મૂળ મહાઆરંભ - સમારંભ છે. તે કરવા માટે પરિગ્રહ કારણભૂત છે. પરિગ્રહ વધે તેમ આરંભ સમારંભ વધે. તેથી શ્રાવકે પરિગ્રહમાં દિન-પ્રતિદિન ઘટાડો કરવો જોઈએ. પૈસો કમાવવામાં પાપ, પૈસો આવ્યા પછી પાપ... પૈસા સાચવવામાંય પાપ.. મોટે ભાગે પાપાનુંબંધી પુણ્યથી મળેલો પૈસો પાપ બુદ્ધિ જ પેદા કરે છે. એ મળેલી લક્ષ્મી પુણ્યકાર્યમાં વાપરવાનો ભાવ એ જીવને થતો નથી. એક પછી એક પાપનાં કાર્યો કરવાની ભાવના વેગવંતી બને છે. આંખમાં આંસુ સાથે નહીં, આનંદ સાથે એ પાપો કરે જાય છે. પાપ કરીને અનુમોદના કરતો જાય છે. એનાથી જીવ ગાઢ-ચીંકણાં કર્મો બાંધી દુઃખ અને દુર્ગતિની કમાણી કરે છે !

સુંવાળાં લાગતાં કામ - ભોગો એને લલચાવે છે. લાલચથી એ જીવ રાંક બની જાય છે. ભોગનો ભિખારી થઈ જાય છે. પુણ્ય પ્રકાશના સ્તવનમાં મહોપાધ્યાય શ્રી વિનયિવજયજી મ. એ જ વાત જણાવે છે અને આ જ વિશેષણનો ઉપયોગ કરે છેઃ 'જીવ લાલચિયો રંક...' રાય ને રંક બનાવનાર આ લાલચ છે. લાલચ એ પરિગ્રહ અને લોભનો પર્યાય છે. લાલચ આવે ત્યારે ગુલામી એની પાછળ જ ઊભી હોય છે. ગુલામ બન્યા પછી પણ ગુલામીનો અનુભવ ન થવા દેનાર કોઈ



તત્ત્વ તો કામ કરે છે, તે તત્ત્વનું નામ મોહ છે. **ન હોય તેવું દેખાડે અને હોય તેવું ન જોવા દે, એ એની વિશેષતા છે. આ પણ મિથ્યાત્વની જ નિશાની છે. મોહનું મારણ થયા વગર ધર્મ તારણહાર ન લાગે.** મોહ અવસરે અંધ પણ બનાવે છે. અવસરે પાગલ કે મૂર્ખ પણ બનાવે છે. વિપરીત માન્યતાવાળો બનાવે છે. વિવિધ રંગના ચશ્મા પહેરાવી જ્ઞાનચક્ષુની નજરને બદલી નાખે છે. વાસ્તવિકતાને ઢાંકી દે છે.

ત્રણ ભુવનમાં પથરાયેલા સામ્રાજયવાળા મોહને જીતવા માટે ત્રિભુવનપતિની આણ જ સમર્થ છે. **નિર્લોભી પરમાત્માનાં વચનોની ઉપાસના જ લોભરહિત બનાવવા સક્ષમ છે.** પરિગ્રહને પાપ કહેનાર પરમાત્માના વચનની શ્રદ્ધા જીવમાત્રને અપરિગ્રહી બનાવવાનું સામર્થ્ય ધરાવે છે. કરુણાસાગર એ પ્રભુની સર્વરીતે કરેલી ઉપાસના પોતાનું પદ આપવા તૈયાર છે. નિર્દય મોહ - લોભ - પરિગ્રહની મારકતાને પિછાણી, દયાળુ પરમાત્માની તારકતાને ઓળખી; દુશ્મનથી દૂર રહેવા પૂર્વક, ધર્મમિત્રના તાબામાં - સંગમાં રહી નિઃસંગતાને પ્રાપ્ત કરો; એ જ મંગલકામના.

ધ

## ★ હિતોપદેશ-૧ ★★★

**- પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

આત્માના હિત માટે અપાતો ઉપદેશ તેનું નામ હિતોપદેશ. નાશવંત ઇન્દ્રિયાદિના હિતની વાત અહીં નથી. કારણ, **ઇન્દ્રિયાદિના હિતમાં તો આત્માનું અહિત રહેલું છે. ઇન્દ્રિયોના પોષણમાં આત્માનું શોષણ છે.** મનને મારવાની વાત જ્યાં શાસ્ત્રજ્ઞ પુરુષો કરતા હોય, ત્યાં મનને પોષણ મળે તેવું તો સ્વપ્નમાંય ન વિચારાય. એ શાસ્ત્રજ્ઞ પુરુષો સ્વ-પરના હિતની જ વિચારણાવાળા હોય છે. અહિતથી નિવૃત્તિ અને હિતની પ્રવૃત્તિ એ એમનો સ્વભાવ બની ગયો હોય છે. અહિતની પ્રવૃત્તિ અને હિતથી નિવૃતિઃએ તો અજ્ઞાનીનું લક્ષણ ગણી શકાય. સમ્યગ્જ્ઞાનનો પ્રભાવ - સ્વભાવ છે કે તેને આત્માનો જ સતત વિચાર આવતો હોય છે. **મિથ્યાત્વનો સ્વભાવ - પ્રભાવ એ છે કે - તેને આત્માની જગ્યાએ ઇન્દ્રિયો - શરીર - ધન - પરિવાર વગેરે પૌદ્ગલિક સંબંધો અને પદાર્થો જ સર્વસ્વ લાગે છે.** તેથી તેમાં જ રમ્યા કરે છે.

ઉપદેશમાળા ગ્રંથના ૪૪૮ થી ૪૫૬ શ્લોકોમાં હિતોપદેશની કેટલીક સુંદરવાતો કરી છે. તેના આધારે આપણે પણ થોડી વિચારણા કરી લઈએ.

ધર્મદાસગણી મહારાજા લખે છે કે - શાસનના સ્થાપક અરિહંત ભગવંતો પણ કોઈને બળાત્કારે, હાથ પકડીને નાનું - મોટું હિત કરાવતા નથી કે અહિતથી રોકતા નથી. જો તેમ કરી શકતા હોય તો તેઓની હાજરીમાં કોઈ જ જીવ દુર્ગતિમાં ન જ જાય. બધાને સદ્ગતિમાં કે મોક્ષમાં જ મોકલે. ભગવાનનું કાર્ય માત્ર ઉપદેશ આપવાનું છે. પ્રવૃત્તિ તો સૌએ પોતાની રીતે કરવાની છે. હિતોપદેશને સારો માનીને અહિતથી પાછો ફરી હિતની પ્રવૃત્તિ કરે તો ચોક્કસ દુર્ગતિ અટકે જ... સદ્ગતિ કે મુક્તિ થાય જ આવાં દૃષ્ટાંતો પણ શાસ્ત્રોનાં પાને પાને જોવા મળશે.

સ્કૂલના શિક્ષકો ભણાવવાનું કાર્ય કરે છે. તે પ્રમાણે વિદ્યાર્થી ભણે, મહેનત કરે.. ક્ષયોપશમનો સાથ મળે તો સકારાત્મક (પોઝિટીવ્હ) રિઝલ્ટ લાવી શકે. બાકી સારું રિઝલ્ટ શિક્ષક ન આપી શકે. શિક્ષકનું કાર્ય સમજાવવાનું છે. માર્ગદર્શન આપવાનું છે. પદ્ધતિ શિખવવાનું છે. આગળ વધીને ન સમજાય, શંકા ઊભી થાય તો તેનું સમાધાન શિક્ષક આપી શકે છે. બાકી પુરુષાર્થ તો જાતે જ વિદ્યાર્થીએ કરવાનો હોય છે. એ પુરુષાર્થના આધારે પોઝિટીવ્હ - નેગેટીવ્હ રિઝલ્ટ મળે છે.

ભગવાન કેવો ઉપદેશ આપે ? તેનો જવાબ આપતાં ઉપદેશમાળાકાર જણાવે છેઃ ભગવાન એવો ઉપદેશ - હિતોપદેશ આપે છે કે જેના આચરણથી જીવ કીર્તિના આશ્રયભૂત દેવતાઓનો પણ સ્વામી બને છે... તો પછી મનુષ્યમાત્રનો સ્વામી બને એમાં સવાલ ક્યાં ઊભો થાય ? મતલબ, એ હિતોપદેશ પ્રમાણે જીવન જીવે તો અવશ્ય દેવ-દાનવ-વિદ્યાધર-માનવાદિનો સ્વામી બને. જો કે - **હિતાચરણ કરવાવાળા આત્માને તો કોઈના સ્વામી બનવામાં રસ નથી હોતો. તેને તો પોતાના આત્માના સ્વામી બનવામાં જ રસ હોય છે. મોહાદિની ગુલામીમાંથી મુક્ત થવાની ભાવના હોય છે.** કામય માટે આવા સંયોગ - વિયોગની ઘટમાળમાંથી મુક્તિ મેળવવા તે લાલાયિત હોય છે. તે માટે જ હંમેશા પુરુષાર્થ કરે છે. ભૌતિક સિદ્ધિઓમાં નહીં, આધ્યાત્મિક સિદ્ધિઓમાં જ તેને રસ હોય છે. કારણ, **ભૌતિક સિદ્ધિઓ નાશવંત છે. આધ્યાત્મિક સિદ્ધિઓ શાશ્વત છે. ભૌતિક સિદ્ધિઓનો રાગ (અને રતિ) અંતે દુર્ગતિનું સર્જન કરે છે. આધ્યાત્મિક સિદ્ધિઓ પરિણામે દુર્ગતિનું વિસર્જન, સદ્ગતિનું સર્જન અને અંતે મુક્તિ પ્રદાન કરે છે.**



હિતોપદેશ દેવામાં વિવેકની જરૂર તો હોય જ છે. ગમે તેને, ગમે ત્યારે હિતોપદેશ પણ ન દેવાય. કેટલાક જીવો આવા હિતકારી હિતોપદેશ માટેય અપાત્ર - અયોગ્ય હોય છે. ભગવાન શ્રી વર્ધમાનસ્વામીએ સાચી - હિતકારી વાત ગોશાળાને કરી. પાત્ર ન હોવાથી વિપરીત થઈ, વિપરિણામ પામી, તેના જ યોગે ગોશાળાએ પોતાના ઉપકારી, ત્રણ જગતના નાથ, સર્વજ્ઞ ઉપર તેજોલેશ્યા મૂકી ! ભગવાનને છ મહિના અશાતા ભોગવવી પડી ! આમાંથી જ એક અચ્છેરું (આશ્ચર્ય) સર્જાયું. હિતોપદેશ આપવા માટે પણ યોગ્યતા જરૂરી છે. ગીતાર્થ વ્યક્તિએ જ હિતોપદેશ આપવાનો છે. અગીતાર્થને એ અધિકાર નથી. **रत्तो - दुट्ठो - मूढो** ... ગાથામાં (શ્રાદ્ધવિધિ - ધર્મરત્ન પ્રકરણાદિમાં) જણાવેલા જીવો હિતોપદેશ માટે અપાત્ર ગણાવ્યા છે. તેથી એવા જીવોને ક્યારેય હિતોપદેશ ન આપવો.

સર્વજ્ઞદ્વારા કહેવાયેલો હિતોપદેશ જો જીવ જીવનમાં જીવે તો અવશ્ય યશ - કીર્તિની વૃદ્ધિ થાય. દેવ - દાનવ - માનવનો સ્વામી બને.. એમ ૪૪૯ મી ગાથામાં જણાવ્યું છે. હિતોપદેશ તો નિયમા સઘળાંય કલ્યાણને સાધી આપનાર છે. જેમ હિતોપદેશનું આચરણ કરવાથી કાર્તિક શેઠ; ઉચ્ચ - શ્રેષ્ઠ રત્નમય અગ્રભાગથી શોભતા મુગટને ધારણ કરનાર, બાજુબંધાદિ અલંકારોથી સજ્જ, તેજના પુંજ જેવા કુંડલના આભૂષણથી યુક્ત અને ઐરાવણ હાથીના વાહનવાળો પ્રથમ દેવલોકનો (૩૨ લાખ વિમાનોનો અધિપતિ) શક્રેન્દ્ર થયો ! માનવ મટી દેવતાઈ રિદ્ધિવાળો, દેવ-દેવીઓનો સ્વામી થયો. મતલબ કે - આ તમામ ભૌતિક સંપત્તિ - સમૃદ્ધિ મળવા પાછળનું મહત્ત્વનું પરિબળ હિતોપદેશનું આચરણ હતું !

તે જ રીતે માનવલોકના છ ખંડની - ઈન્દ્ર જેવી ઋદ્ધિ - ભરત રાજાએ પ્રાપ્ત કરી તે પણ હિતોપદેશનો જ પ્રભાવ છે. અર્થાત્ હિતોપદેશના શ્રવણ-આચરણનો જ તમામ પ્રભાવ - મહિમા જાણવો. હિતોપદેશના શ્રવણ વગર આચરણ સંભવિત નથી, માટે પ્રથમ શ્રવણ થવું જોઈએ. શ્રવણ કરાવનાર ગીતાર્થનો સુયોગ મળવો જોઈએ. અગીતાર્થના મુખે હિતોપદેશ પણ ન સાંભળવો. શાસ્ત્રકાર ભગવંતો જણાવે છે કે - **ગીતાર્થના હાથે ઝેર પીવું સારું, પરંતુ અગીતાર્થના હાથે અમૃત પીવું ખરાબ છે, અનર્થકારી છે. ઝેરને પણ અમૃતરૂપે પરિણમાવવાની આવડત - દક્ષતા ગીતાર્થ પાસે હોય છે.** તેથી એ ઝેર પણ જીવાડનાર અને હિત કરનાર થાય છે. અગીતાર્થના હાથે પીધેલું અમૃત ઝેરરૂપે પરિણમતું હોવાથી જીવનું ભવિષ્ય બગડે છે. અનર્થની પરંપરા સર્જાય છે. (ક્રમશઃ) ધ

# ★ અનુમોદનાનો અમૃતથાળ ★★★

-સંકલન

આગમ - શિલ્પ - વિધિવિધાનવિશારદ પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય ભવ્યદર્શન - સૂરીશ્વરજી મહારાજા આદિ ઠા.૨ તથા પૂ.પ્રવર્તિની સા.શ્રી ભદ્રિકાશ્રીજી મ.આદિ ઠા.૪ બેંગલોરથી વિહાર કરી મદ્રાસ (ચેન્નઈ) પધાર્યા. પો.વ.૨ તા.૧૨-૨-૨૦૨૦ રવિવારે મદ્રાસની હદમાં પ્રવેશ કર્યો. ભિન્ન ભિન્ન વિસ્તારોમાં દર્શન કરતાં કરતાં, જિનાલયો જુહારતાં જુહારતાં અનેક સંઘોમાં પધાર્યા. કેટલેક ઠેકાણે પ્રવચનાદિ થયાં. કેટલેક ઠેકાણે સામૈયાં વગેરે થયાં. ભાવિકોએ સારો લાભ લીધો. વિશેષ સ્થિરતા માટે આગ્રહ થતો રહ્યો.

ટી.નગર, શાહુકારપેટ જેવાં સ્થાનોમાં ૨-૨ દિવસની સ્થિરતા થઈ. એક જ ભાગ્યશાળીએ બનાવેલ કોતરણીયુક્ત ૨૪ જિનાલયની સાલગીરી માટે અતિઆગ્રહ થતાં પાંચ દિવસ ત્યાં જ એસ.પી.આર.માં સ્થિરતા થઈ. જિનાલય બંધાવનાર ભાગ્યશાળી હિતેશભાઈ પૃથ્વીરાજજી કવાડ પરિવારની ઉદારતા આંખે વળગે ને દિલને સ્પર્શે તેવી છે. તેમના હૃદયના ભાવો આકાશને સ્પર્શે તેવા છે. ચૌમુખજી ભગવાન આરસના ઉજ્વળ છે. બાકીના ૨૦ ભગવાન ભિન્ન ભિન્ન વર્ણના સેમી પ્રેસિયસ સ્ટોન (ઉપરત્ન) માંથી બનાવવામાં આવ્યા છે. શિલ્પની દૃષ્ટિએ કેટલીક ખામીઓ જણાય છે.

આ ભાગ્યશાળી એવા તો ઉદાર છે કે પ્રત્યેક વરસે બે વાર મોટા ખર્ચ કરે છે. ૧. સાલગીરી પ્રસંગે અને ૨. પર્વાધિરાજ પર્યુષણ પર્વ પ્રસંગે. પ્રત્યેક સાલગીરીમાં નવાં નવાં અનુષ્ઠાનો કરાવે છે. ત્રણ કે પાંચ દિવસનો ઉત્સવ હોય છે. ભારતભરમાંથી પ્રસિદ્ધ સંગીતકારો તથા વિધિકારોને બોલાવી પૂજા-પૂજનો તથા અનુષ્ઠાનો કરાવે છે. સામગ્રી પણ ઊંચી - સારી લાવે છે. આ વર્ષે અનાચક પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજાની નિશ્રા મળતાં વિશેષ આનંદિત થયા. શિલ્પ-વિધિવિધાનના વિષયમાં પૂજ્યશ્રીએ શાસ્ત્રીય માર્ગદર્શન આપ્યું. તેના કારણે તે પરિવારના ઉલ્લાસમાં ઔર વધારો થયો. તેઓ બિલ્ડર હોવાથી નવી એક મોટી સ્કીમ બનાવી રહ્યા છે. તેમાં લગભગ ૫૦,૦૦૦ સ્કે.ફૂટ એરિયા ખાસ ધર્મના ઉદ્દેશથી જુદો કાઢ્યો છે. એસ.પી.આર. ના નામે આ પરિવાર ઓળખાય છે. દિન પ્રતિદિન તે પરિવાર ધર્મના માર્ગે આગળ વધી રહ્યો છે. નવી



સ્કીમમાં જિનાલય, બે ઉપાશ્રય, વિશાળ - જ્ઞાનભંડાર, પાઠશાળા, વિશેષ જ્ઞાનાભ્યાસ માટેની વ્યવસ્થા, શ્રમણ-શ્રમણી શ્રાવક-શ્રાવિકાના તથા મુમુક્ષુઓના જ્ઞાન-સ્વાધ્યાય માટે પંડિતાદિની સુવિધા, ધ્યાનકેન્દ્ર, જૈનસંગીત શીખવાની વ્યવસ્થા, ધર્મશાળા ભોજનશાળા તથા કર્મ-પુનર્જન્માદિને સમજવા માટે વિશેષ મ્યુઝીયમ આદિ હશે.

ત્યાંના જિનાલયના ખાત મુહૂર્ત - શિલાન્યાસ માટે પૂજ્યશ્રીને વિનંતિ કરી છે. ભગવાન પાસે સંકલ્પ પણ કર્યો છે. પ્રતિષ્ઠા સુધી દક્ષિણમાં રોકાવાની વિનંતિ કરી છે. પૂજ્યશ્રીના શિલ્પ - વિધિવિધાન આદિના જ્ઞાન માટે ઓવારી ગયા છે.

પર્વાધિરાજમાં આઠે દિવસ વિવિધ અંગરચના, ભક્તિ - ભાવના - શણગારાદિ પાછળ લગભગ પ્રત્યેક વર્ષે ૫૦-૫૦ લાખ જેવો ખર્ચ આ ભક્તિવંત પરિવાર કરે છે ! સાલગીરીનો ખર્ચ પણ લગભગ ૧૦-૨૦ લાખ ઉપર થતો હશે!

બે વર્ષ પૂર્વે આ ભાગ્યશાળીએ ભગવાનની આંગી કરાવી. જે લગભગ ૫૦ કિલોની હશે. ગયા વર્ષે ૧૪ સ્વપ્ન તથા પારણું ચાંદીનાં બનાવ્યાં, તેનું વજન આશરે ૧૦૦ કિલો ઉપર હશે !

મહા સુદ ૬ ની સાલગીરી કરાવી કેસરવાડી પધાર્યા. ત્યાં પૂ.હિંદીસાહિત્યકાર આ.ભ.શ્રીમદ્ વિજયરત્નસેનસૂરીશ્વરજી મહારાજા આદિ પધારવાના હતા. તેઓના આગ્રહથી આચાર્ય ભગવંત પણ મહા સુદ ૮ તા.૨-૨-૨૦૨૦ રવિવારે ત્યાં પ્રવેશમાં પધાર્યા. સામૈયું થયા પછી બંનેનાં પ્રવચનો થયાં. તા.૪-૨-૨૦૨૦ મહા સુદ ૧૦ મંગળવારે ત્યાંના પ્રાચીન આદિનાથ ભગવાનના જિનાલયની સાલગીરીમાં નિશ્રા પ્રદાન કરી. ત્યાં (કેસરીવાડી) જિનાલયના જીર્ણોદ્ધાર માટે પ્રેરણા કરી. ત્યાંની પ્રતિમા લગભગ ૨૦૦૦ વર્ષ પ્રાચીન હોવાનું અનુમાન છે. અર્ધપદ્માસનસ્થ એ પ્રતિમા છે. દર રવિવારે લગભગ ૧૦૦૦ ભાવિકો પધારે છે પ્રત્યેક પૂનમે લગભગ ૩૦૦૦ ભક્તો ભક્તિ કરે છે. આ સ્થાન એક તીર્થ સ્વરૂપે ગણાય છે. શ્રદ્ધાનું કેન્દ્ર બન્યું છે.

ચેન્નઈના મુખ્યસ્થાન તરીકે ગણાતા ચન્દ્રપ્રભ જૂના મંદિર તથા નયા મંદિરની સાલગીરી મહાસુ.૧૩ ના હોવાથી ત્યાંનો આગ્રહ અને પૂ.આ.ભ. શ્રી રત્નસેન સૂરીશ્વરજી મહારાજનો આગ્રહ થતાં પરત શાહુકાર પેટ આરાધના ભવન પધાર્યા. બંને આચાર્યભગવંતો ૪૦ વર્ષે ભેગા રહ્યા ! છ દિવસ સાથે જ રોકાયા. મહાસુ.૧૨ ગુરુવારે સામૈયા સાથે પ્રવેશ થયો. બંનેનાં પ્રવચનો થયાં. મહાસુ.૧૩ ના રોજ

સવારે જૂના ચન્દ્રપ્રભ મંદિરની સાલગીરીમાં પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શન -સૂરીશ્વરજી મહારાજ પધાર્યા. ગુજરાતીવાડીમાં પણ સાલગીરી હોવાથી પૂ.આ.ભ. રત્નસેન સૂરીશ્વરજી મહારાજ ભીડભંજન પાર્શ્વનાથ જિનાલયમાં પધાર્યા. બંને ઠેકાણે સુંદર પ્રસંગ ઉજવાયો. જૂના ચન્દ્રપ્રભ જિનાલયની ધજાના લાભાર્થી કંવરલાલ એન્ડ કં. વાળા ફલોદી નિવાસી ઉદારદિલ વિજયરાજજી કંવરલાલજી વૈદ્ય પરિવારનો ખાસ આગ્રહ હોવાથી પૂ.આ.ભ. ભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજ ત્યાં પધાર્યા હતા. (તે પરિવારે સં.૨૦૬૦ માં પાલિતાણામાં ૯૯ કરાવી હતી ત્યારે પન્નારૂપા ધર્મશાળામાં પૂ.આ.ભ. મહાબલસૂરીશ્વરજી મ., પૂ.આ.ભ. પુણ્યલાલ સૂરીશ્વરજી મ. આદિ સાથે પૂ.ગણિવરશ્રી ભવ્યદર્શન વિ.મ. પણ હતા, તેથી આ પરિવારનો આગ્રહ વિશેષ હતો. મતલબ, પૂ. ગુરુદેવ આ.ભ. શ્રીમદ્ વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા નો જ પરિવાર હતો. (આ વૈદ્યપરિવારનાં સુકૃતો ઘણાં છે.) ત્યારબાદ પણ પૂ.આ.ભ.શ્રીમદ્ વિજય મહાબલસૂરીશ્વરજી મહારાજા, પૂ.ગચ્છાધિપતિ આ.ભ. શ્રીમદ્ વિજય પુણ્યપાલસૂરીશ્વરજી મહારાજા આદિની નિશ્રામાં ઓસિયાજીમાં ચાતુર્માસ, ફલોધિથી જૈસલમેરનો છ'રી' પાલક સંઘ, ઉપધાન આદિ પણ કરાવેલ.

સાલગીરીના બીજા દિવસે મહા સુ.૧૪ ના ભારતીનગર રોકાઈ, સુ.૧૪ રવિવારે કેસરવાડી પધાર્યા. વ.૧ કારનોડાઈ વ.૨ કવરાઈપેટ થઈ વ.૩ ના ઓબુલાપુરમ્ રોકાયા. વ.૪ રામાપુરમ્ સ્થિરતા કરી. અહીં સંકુલ બની રહ્યું છે. જિનાલય નિર્માણાધીન છે. બે ઉપાશ્રય તૈયાર થયા છે.

મહા વ.૬ તા.૧૪-૨-૨૦ શુક્રવારે ઘેવચંદજીની ફેક્ટરીમાં સ્થિરતા કરી. વ.૭ શનિવારે તડા - ૭૨ જિનાલયના સંકુલમાં રોકાણ થયું. વિશાળ જમીન પર આ સંકુલનું નિર્માણ થયું છે. તીર્થસ્વરૂપ આપવામાં આવ્યું છે. બે ઉપાશ્રય, ભોજનશાળા, ધર્મશાળા વગેરે તૈયાર થઈ ગયેલ છે. પ્રતિષ્ઠા બે વર્ષ પૂર્વે જ થઈ છે. અલબત્ત, જિનાલયમાં ઘણું કાર્ય અધૂરું છે. મોટાભાગના ટ્રસ્ટીઓ ચેન્નઈના છે. ઉતાવળથી પ્રતિષ્ઠા કરી દેવાથી શિલ્પના ઘણા દોષો જણાય છે. ઘણા ધ્વજદંડ તો વાંકા - ચૂંકા છે. શિખરો બનાવ્યા વગર માત્ર ટેકરી જેવું બનાવી - આમલ-સારો - કળશાદિ ચઢાવી દીધાં છે. એ પણ માપમાં હશે કે કેમ ? લેવલમાં હશે કે કેમ ? તે પ્રશ્નો ઊભા થાય છે.



તીર્થની જગ્યા મોટી છે. પરંતુ ધર્મશાળા - ભોજનશાળા - ઉપાશ્રય - જિનાલય તમામ કાર્યો અધૂરાં જ છે. એક પણ ચીજ પૂરી થઈ નથી.

દક્ષિણના વિહારમાં વિધવિધ અનુભવો થાય. આમેય પ્રભુએ બતાવેલી વિહારચર્યા અનુભવથી લઈ દેશ-રાજ્યની રહેણી કરણી, ભાષા - વ્યવહાર, ખાન-પાન, સ્વભાવ-પ્રભાવના અનુભવો કરાવે છે. સામાન્યથી ૧૨ વર્ષ સૂત્ર, ૧૨ વર્ષ અર્થ અને ૧૨ વર્ષ દેશાટન પછી આચાર્ય પદવી આપવાની વાત પણ શાસ્ત્રમાં છે જ. ત્યાંય વિવિધ રાજ્યોમાં ફરવા પૂર્વક શાસન પ્રભાવના, સદુપદેશ, સમ્યગ્જ્ઞાનનો પ્રસાર-પ્રચાર, સન્માર્ગનો બોધ વગેરે કરાવવાનાં છે.

ઉત્તર ભારત કરતાં દક્ષિણભારતમાં હિંસાનું પ્રમાણ ઘણું - ઘણું વધારે છે. વ્યાપક - હિંસા... તે પણ જાહેરમાં થાય છે. હિંસા સાથે શરાબ (દારુ) પણ ધૂમ વેચાય-પીવાય છે. તેના કારણે ગુનાઓનું પ્રમાણ પણ વધારે હોય તે સ્વાભાવિક છે. નશામાં ચકચૂર જીવોને વિવેક તો ક્યાંથી હોય ? અવિવેકીને સારા-ખરાબનું ભાન ન હોય એ સહજ છે. જૈનોમાંય કંદમૂળ ભક્ષણ વગેરે વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. અભક્ષ્ય-અનંતકાયના મહાપાપ પ્રત્યે આંખ આડા કાન કરાય છે. ઘરમાં અને બહાર; બધે જ ઠેકાણે આ પાપ થાય છે. રાત્રિભોજન, બહારનાં ખાન-પાન પ્રત્યે સૂગ નથી. માત્ર પૈસા ભેગા કરવા અને નીતિ-અનીતિનો ભેદ ન સમજવાના કારણે એવા આવેલા પૈસાનો બેફામ દુરુપયોગ થાય છે. કેટલોક પૈસો આ બાજુ આવતા પ્રોજેક્ટોવાળા મહાત્માઓ ખેંચી જાય છે. સ્થાનિક કાર્યો ઘણી જગ્યાએ સિદાય છે.

ધર્મ પ્રસંગોમાં, પ્રતિષ્ઠા - અંજનના મંડપોમાં, દેવ-ગુરુની હાજરીમાં પંખા-એરકુલર આદિનો ઉપયોગ છૂટથી થતો જોવા મળે છે. ગુરુભગવંતો પણ આ વિષયમાં ઘણી ઉપેક્ષા કરતા હોય અથવા મૂકસંમતિ આપતા હોય તેવું જણાય છે. નિષેધ કરવાવાળાનો નંબર કાઢી નાખવામાં આવે છે ! આજ - કાલ માર્ગને સાચવવા કરતા સગવડતાને વધુ પ્રાધાન્ય અપાય છે. પબ્લિકને ભેગી કરવા ડ્રો સિસ્ટમ પણ રખાય છે, કેટલેક ઠેકાણે ઘણો અતિરેક પણ જોવા મળે છે. તેના કારણે અજૈનોમાં, જૈનો પ્રત્યે રોષ પણ નજરે ચઢે છે. તેઓ દ્વારા સતામણી પણ થાય છે. આ બધું ગંભીરરીતે વિચારી યોગ્ય સુધારો કરવા યોગ્ય જણાય છે. કોઈની નિંદા - ટીકા માટે નહીં, માત્ર માધ્યસ્થ ભાવથી લખેલ છે. (ક્રમશઃ) ધ

## પાપીજીવોને જન્મ-મરણઃ બંને અહિતકર

**अहिअं मरणं अहिअं च जीवियं पावकम्मकारीणं ।**
**तमसंमि पडंति मया, वेरं वड्ढंति जीवंता ।।४४४।।**

ચોરી વગેરે પાપકર્મો આચરનાર માટે તેનું જીવન પણ અહિત કરનારું થાય છે ને મરણ પણ અહિત કરનારું થાય છે. જીવે તો દુશ્મનાવટ - વૈર-પાપ વધે છે અને મરે તો નરક સ્વરૂપ અંધકાર માં ચાલ્યા જાય છે.

-ઉપદેશમાળા